- **સંશોધનની રૂપરેખા :** (૧) વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના ઇતર વાંચનના પુસ્તકો આપવામા આવ્યાં. વાર્તાઓ, જીવનચરિત્ર, વિજ્ઞાન વાર્તાઓ, નૈતિક વાર્તાઓ, (૨) દર અઠવાડિયે ૧ પુસ્તક આપવામાં આવ્યું. (૩) પઠન પછી પુસ્તક સંવાદ યોજાયો. (૪) વર્તન અને જવાબદારીમાં બદલાવનો અહેવાલ તૈયાર થયો.
- **કસોટી દ્વારા ચકાસણી :**

**૧. વાંચન રસ :**

- લગભગ ૪૦% વિદ્યાર્થીઓને ઇતર વાંચનમાં રસ છે.
- મોટા ભાગે બાળસાહિત્ય, પૌરાણિક વાર્તાઓ અને વૈજ્ઞાનિક કથાઓ વાંચવામાં રૂચિ ધરાવે છે.

**૨. વાંચનનો સમય :**

- ૩૦% વિદ્યાર્થીઓ દરરોજ ઓછામા ઓછા ૧૫ થી ૩૦ મિનિટ ઇતર વાંચન માટે ફાળવે.
- વધુ પડતા વિદ્યાર્થીઓ શાળાના બાહય પુસ્તકોનો ઓછી વખત ઉપયોગ કરે છે.

**૩. પ્રેરણા આપનારા તત્વો :**

(૧) શિક્ષકો અને વાલીઓ દ્વારા પ્રોત્સાહન મળતું હોય ત્યારે વાંચન વધી શકે છે.

(૨) કેટલીક વાર શાળાઓમાં પુસ્તક મેળા, વાંચન સપ્તાહ, પુસ્તક-સંવાદ જેવા કાર્યક્રમો વધુ પુસ્તક-સંવાદ જેવા કાર્યક્રમો વિદ્યાર્થીઓને પ્રેરણા આપે છે.

**૪. બાધાંઓ :** (૧) ઘણી શાળાઓ પુસ્તકાલયોથી સજ્જ હોતી નથી.

(૨) મોબાઇલ અને ટીવી જેવા સોશિયલ મિડિયા તેમના સમયને ખાઇ જાય છે.

(૩) ઇન્ટરનેટ ના કારણે વાંચનને બદલે વિડિયો જોવાની પ્રવૃત્તિ વધી છે.

**વિદ્યા એ શકિત છે.**

- **માહિતીનું પૃથ્થકરણ :** (૧) કલ્પના શકિત માં વધારો. (૨) શિસ્ત અને સમજદારીમાં વધારો. (૩) ભાવનાત્મક અને નૈતિક મૂલ્યોમાં વૃદ્ધિ. (૪) ભાષાની અભિવ્યકિતમાં સુધારો.
- **નિષ્કર્ષ :** શાળાના પાઠયપુસ્તકો અને ગેર પાઠય પુસ્તકોનું વાંચન હજું પણ ઘણાં વિદ્યાર્થીઓ માટે પર્યાપ્ત પ્રમાણમાં નથી. થોડો જાતે રસ ધરાવતા વિદ્યાર્થીઓમાં આ પ્રવૃત્તિ જોવા મળે છે. પણ મોટા ભાગે આ માટે માર્ગદર્શન અને પ્રોત્સાહનની જરૂર છે.

(૧) દરરોજ વાંચનનો સમય ફાળવવો. (૨) પુસ્તકાલયો વિવિધ પુસ્તકોથી સજ્જ બનાવવા.

(૩) વાલીઓ-શિક્ષકોનો સહયોગ. (૪) યોગ્ય પુસ્તકોની પસંદગી કરવી.

**પરિણામ :**

(૧) ઇતર વાંચનથી માનસિક વિકાસ થાય છે. (૨) બાળકો વધુ વિચારશીલ બને છે.

(૩) મૂલ્યો અને ભાવનાઓ માં વૃદ્ધિ થાય છે.

- **ભાવિ સંશોધન માટેના સૂચનો :**

(૧) શાળાઓમાં વાંચન કાર્નિવલ, પુસ્તક મેળા, પુસ્તક-સંવાદનું આયોજન થવું જોઇએ.

(૨) પાઠય પુસ્તકની સરળ અને રોચક રીતે રચના કરવી.

(૩) માતા-પિતા અને શિક્ષકો બાળકોને ઘરે અને શાળાએ વાંચન માટે પ્રોત્સાહિત કરે.

(૪) મહિનામાં એકવાર વિદ્યાર્થીઓ માટે Book Talk અથવા Reading Circle જેવી પ્રવૃત્તિઓ થવી જોઇએ.

(૫) બાળકો માટે રસપ્રદ અને તેમની ઉમંર અનુરૂપ પુસ્તકો ઉપલબ્ધ કરાવવા પર ધ્યાન આપવું જોઇએ.

**શિક્ષણ એ વિકાસનું ક્ષેત્ર છે.**

**ઉપસંહાર :**

ઇતર વાંચન આ જે માત્ર એક શૈક્ષણિક અભ્યાસ નથી પરંતુ વ્યકિતત્વ નિર્માણની દિશામાં મોટી પકડ રાખે છે. વિદ્યાર્થીઓ માં પુસ્તક પ્રત્યે પ્રેમ જન્મે એ માટે શાળાઓ, માતા-પિતા અને સમાજે એક સાથે પ્રયત્ન કરવો જરૂરી છે.